## For us, August 15 holds a special significance…

**by Narendra Modi 14. August 2009 21:12**

મિત્રો,

ઓગસ્ટ મહિનો એટલે ક્રાંતિનો મહિનો !
ઓગસ્ટ મહિનો એટલે અનેક તહેવારો, મેળા અને - મહોત્સવનો મહિનો.....

પણ...

આપણાં સૌના માટે, ૧૫ ઓગસ્ટનું મહત્વ તો અદકેરું છે.
સેંકડો વર્ષની ગુલામીની બેડીઓ તોડીને આપણો દેશ આઝાદ થયો.

સ્વરાજ્ય મળ્યું તેનો આનંદ આપણે સહુ અનુભવીએ છીએ. હું અને તમે મુક્તપણે આપણા વિચારો આપ-લે કરી શકીએ છીએ તેનું કારણ આપણને મળેલી આઝાદી છે.આઝાદી અપાવનાર સહુ ત્યાગી/બલિદાની સપૂતોને નમન કરવાનો આ અવસર છે.

મિત્રો, આજે મારા મંનને સ્પર્શી ગયેલો એક અનુભવ આપની સાથે વાગોળવાનું મન થાય છે.
આઝાદ હિન્દુસ્તાનના શ્રીનગરમાં પણ સ્વતંત્રતા પછી, ભારતનો તિરંગો ઝંડો ફરકાવવો એટલે મૃત્યુ સામે બાથ-ભીડવી એવી સ્થિતિ દેશના દુશ્મનોએ ઉપસ્થિત કરી હતી.
આતંકવાદીઓ શ્રીનગરના લાલ ચોકમાં તિરંગાની હોળી કરતા હતા...
તિરંગાને જૂતા નીચે કચડતા હતા...આને કરોડો દેશવાસીઓની આસ્થા ઉપર મરણતોલ ફટકા મારતા હતા.
આવા ભયાનક દિવસોમાં ૧૯૯૧-૯૨માં, ભારતીય જનતા પાર્ટીએ, ભાજપના તે વખતના અધ્યક્ષ ડૉ. મુરલી મનોહર જોશીના નેતૃત્વમાં, ૨૬ જાન્યુઆરી, ૧૯૯૨ના દિવસે શ્રીનગરના લાલ ચોકમાં તિરંગો ફરકાવવાનો નિર્ણય થયો..

આ માટે કન્યાકુમારીથી કાશ્મીર સુધી તિરંગો લઇને, એકતાયાત્રાનો પ્રારંભ થયો. સદનસીબે, ભાજપાએ મને આ કાર્ય સફળ રીતે પાર પાડવા માટે, મહત્વની જવાબદારી સોંપી હતી. આ એકતાયાત્રા દરમિયાનનો એક પ્રસંગ મારા મનને અત્યંત સ્પર્શી ગયો...

જ્યારે એક્તાયાત્રા રથ લઇને અમે તામિલનાડુમાંથી પસાર થતા હતા ત્યારે ખેતરમાં કામ કરતો એક ગરીબ ખેડૂત જેના શરીર પર માત્ર એક લૂંગી હતી તે રથને જોઇને અચાનક દોડતો-દોડતો રોડ પર આવ્યો. તે અમારા કાફલાને અટકાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. રોડની વચ્ચોવચ ઊભા રહીને તેણે અમને થોભી જવાની મક્કમતા બતાવી.
જ્યારે રથ અટક્યો...
અમારો કાફલો રોકાઈ ગયો...

આખોંમાં અનોખી ખુમારી ધરાવતો એ ગરીબ ખેડૂત અમારી નજીક આવ્યો અને તેણે મારા હાથમાં ૧૧ રુપિયા મૂક્યા અને 'રથ'ને વંદન કરી પ્રયાસોને બિરદાવતો હોય તેમ અહોભાવથી બે ઘડી જોઇ રહ્યો અને પછી તેની તમિળ બોલીમાં જે કંઈ બોલ્યો તે મને અમારા સાથી તમિળ આગેવાને સમજાવ્યું. રાષ્ટ્રવાદથી ધગધગતો શબ્દોના ભાવાર્થ હતો કે હું તો શ્રીનગરના લાલ ચોક સુધી આવી શકીશ નહીં પરંતુ મારા વતી તમે એક તિરંગો લઈને શ્રીનગરના લાલ ચોકમાં ફરકાવજો.
તે દિવસે ખેડૂતની આ લાગણીમાં ભારતની આઝાદીના ઉજ્જવળ ભવિષ્યનાં મને દર્શન થયાં.

મિત્રો, દેશના દુશ્મનો આતંકવાદીઓની ગોળીઓની વર્ષા વચ્ચે શ્રીનગરના લાલ ચોકમાં ગૌરવભર્યો તિરંગો ફરકાવવાનો જેટલો સંતોષ મને થયો હતો. તેટલું જ ગર્વ આ ગરીબ ખેડૂતમાં પ્રચંડ દેશભક્તિના દર્શન કરીને થયું હતું.

આપ સહુને આઝાદીના પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

સૌનો

Copyright © 2009 NarendraModi.com